# જીઆઈડીસી ડ્રેનેજ રેગ્યુલેશન ૧૯૯૦
# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
# જાહેરનામું

## ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨

ક્રમાંક : જી.આઈ.ડી.સી. ઈએનજી–(જા.આ.) એલએડબલ્યુ–એ.એમ.ડી–૧૭. ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ (૧૯૬૨ ગુજ–૨૩માં) ની કલમ ૫૪ની પેટા કલમ (૧) અન્વયે મળેલી સત્તાની રુએ અને રાજય સરકારની પૂર્વ મંજૂરીથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, આથી નીચેના વિનિયમો (૧૯૯૦) ઘડે છે એટલે કે :–

૧. ટૂંકુ શીર્ષક :– આ વિનિયમો, ગુજરાત ઔદ્યોગિક વિકાસ ડ્રેનેજ વ્યવસ્થા વિનિયમો, ૧૯૯૦ કહેવાશે.

૨. લાગુ પાડવા બાબત :– આ વિનિયમો નિગમની બધી જ ઔદ્યોગિક વસાહતો અને ઉકત વસાહતોમાં આવેલા એકમોને, ઉકત એકમોની ડ્રેનેજ–વ્યવસ્થા દૂષક પ્રવાહીના નિકાલને લગતી તમામ બાબતોમાં લાગુ પડશે.

૩. વ્યાખ્યાઓ :– આ વિનિયમોમાં, સંદર્ભથી સ્પષ્ટપણે અન્યથા જણાવવાનું હોય તે સિવાય, વપરાયલા શબ્દોના અર્થ નીચે મુજબ રહેશે.

(ક) ''નિગમ'' એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ.

(ખ) ''ઔદ્યોગિક વસાહત'' એટલે નિગમની ઔદ્યોગિક વસાહત.

(ગ) ''વ્યકિતઓ'' એટલે કોઈપણ વ્યકિત, પેઢી, કંપની, એસોસીએશન, કોર્પોરેશન અથવા જુથ.

(ઘ) ''સ્યુઅર'' એટલે ગંદા પાણીના નિકાલ માટે જોગવાઈ કરવામાં આવેલ પાઈપ અથવા વાહક નળી અથવા અન્ય બાંધકામ.

(ચ) ''બિલ્ડીંગ સ્યુઅર'' એટલે મિલકતના કે માલિકના નિયંત્રણ હેઠળની અને મકાનથી નિકળીને નિગમની જમીનમાં આવેલી પહેલી ઈન્સ્પેકશન ચેમ્બર અથવા મેનહોલ સુધી જતી સ્યુઅર.

(છ) '' જાહેર સ્યુઅર'' એટલે જેમાં આજુબાજુમાં આવેલી મિલકતોના બધા જ માલિકો ગંદુ પાણી છોડતા હોય તેવી, નિગમના નિયંત્રણ હેઠળની સ્યુઅર.

(જ) ''સેનિટરી સ્યુઅર'' એટલે જેમાં ગંદુ પાણી જતું હોય પણ જેમાં શરૂઆતમાં વરસાદનું સપાટી પરનું અને જમીનની અદરનું પાણી જવા દેવામાં આવતું ન હોય.

(ઝ) ''સ્ટોર્મ સ્યુઅર'' એટલે એવી સ્યુઅર જેમાં વરસાદ અને જમીનની સપાટી પરનું અને ડ્રેનેજનું પાણી જતું હોય પરંતુ ગટરનું ગંદુ પાણી તથા ઔદ્યોગિક કચરો જતો ન હોય.

(ટ) ''કમ્બાઈન્ડ સ્યુઅર'' એટલે એવી સ્યુઅર જેમાં ગટરનું પાણી તથા સપાટી પરનું વહેતું પાણી બન્ને જતા હોય.

(ઠ) ''સ્યુએજ'' એટલે રહેઠાણો, ધંધાના મકાનો, સંસ્થાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓમાંથી કચરો લઈ જતા પાણી તથા જમીનની નીચેના સપાટી પરના અને વરસાદના પાણી સાથેનું મિશ્રણ.

(ડ) ''ઔદ્યોગિક કચરો'' (દૂષક પ્રવાહી કચરો) એટલે ઔદ્યોગિક ઉત્પાદન પ્રક્રિયા, વેપાર વ્યવસ્થા, અથવા કોઈપણ વિકાસ અથવા પ્રાપ્તિ અથવા પ્રક્રિયાની કામગીરી દરમિયાન નિકળતો પ્રવાહી કચરો, જે સેનિટરી કચરાથી જુદો છે. આમાં ઘન સ્વરૂપના કોઈપણ પ્રકારના સમાવેશ થતો નથી.

(ઢ) ''કચરો'' એટલે ઘરગથ્થુ અથવા વાણિજ્યીક ઉત્પાદન, રસોઈ ખોરાક રાંધવો અને તેના નિકાલ અને ઉત્પાદનના સંગ્રહ તથા વેચાણમાંથી નીકળતો ઘન કચરો.

(ત) ''યોગ્ય રીતે ટુકડા કરાયેલા કચરો'' એટલે ખોરાક તૈયાર કરતાં, રાંધતા અને નિકાલ કરતા નીકળતો કચરો'' જેના ટુકડા એવા પ્રમાણમાં કરવામાં આવ્યા હોય કે જેથી આ બધા ટુકડા સ્યુઅરમાં પ્રવાહની સામાન્ય રીતે પ્રવર્તતી પરિસ્થિતિમાં સરળતાથી ખેંચાઈ જાય એવા અડધા હોય અને જેમાંનો કોઈપણ ટુકડો પરિણામમાં અડધા (૧/૨) ઈંચથી વધુ મોટા કદનો હોય નહિ.

(થ) ''સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ'' એટલે સ્યુએજની પ્રક્રિયા માટે વપરાતી કોઈપણ ગોઠવણ અથવા પ્રયુકિત અને સંરચના.

(દ) ''સ્યુએજ વર્કસ'' એટલે સ્યુએજ એકત્ર કરવાની પંપિંગ અને પ્રક્રિયા અને નિકાલની બધી જ સગવડો.

(ધ) ''જળમાર્ગ'' એટલે જેમાં સતત અથવા તૂટક તૂટક પાણી વહેતું હોય એવી નીક.

(ન) ''કુદરતી નિકાલ માર્ગ'' એટલે જળમાર્ગમાં અથવા સપાટી પરના અથવા જમીનની નીચેનાં સ્થાયી પાણીમાંના જળમાર્ગ.

(પ) ''સ્લજ'' એટલે પાણી, સ્યુએજ કે ઔદ્યોગિક કચરો છોડવાનું, કે જેના અમુક ઘટકનો જમાવ અથવા પ્રવાહનો જથ્થો, જે અમુક સામાન્ય કામગીરી દરમિયાન ૨૪ કલાકના જમાવ કે પ્રવાહના સરેરાશથી પાંચગણો અથવા પંદર મિનિટના સમયગાળાથી વધુ હોય.

(ફ) ''પી એચ'' એટલ ''માનક પધ્ધતિઓ'' માં દર્શાવ્યા મુજબની કાર્યપધ્ધતિથી નક્કી કર્યા પ્રમાણે કોઈપણ દ્રાવણના લીટર દીઠ ગ્રામમાં હાઈડ્રોજીનસના વજનનું પરસ્પર લોગેરીધમ.

(બ) ''બાયો કેમિકલ ઓકિસજન ડિમાન્ડ'' (સંક્ષિપ્તમાં બી.ઓ.ડી.) એટલે ''માનક પધ્ધતિઓ'માં દર્શાવેલી કાર્ય પધ્ધતિ મુજબ લીટર દીઠ મિલીગ્રામમાં દર્શાવેલ, સેન્દ્રિય તત્વોના બાયોકેમિકલ ઓકિસડેશનમાં ૨૦ સે. ઉષ્ણતામાને પાંચ દિવસમાં વપરાયેલા પ્રાણવાયુનું પ્રમાણ.

(ભ) ''તરતા ઘન પદાર્થો'' એટલે પ્રવાહીની સપાટી પર તરતા અથવા પાણીમાં, સ્યુએજમાં અથવા અન્ય પ્રવાહીઓમાં લટકતા અથવા પ્રયોગશાળામાં ગાળવાનાં સાધનો દ્વારા જેને ગાળીને દૂર કરી શકતા હોય તેવા ઘન પદાર્થો તેમના જથ્થાનું પ્રમાણ માનક પધ્ધતિઓમાં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવશે.

(મ) ''ગેલન'' એટલે ઈમ્પીરીયલ ગેલન.

(ય) ''નિયંત્રક મેન હોલ'' એટલે કચરાના નમૂના એકઠા કરવાના એકમાત્ર હેતુ માટે પ્રવેશ કરવા અને મિલકતમાંથી જરૂર મુજબ કચરાનું નિરિક્ષણ કરવામાં કે તેને સરળતા રહે તે માટે માપવામાં, નિર્દિષ્ટ કરાયેલ મેન હોલ; આ મેન હોલ હવાલો ધરાવતા ઈજનેરે નક્કી કર્યા મુજબ બિલ્ડીંગ સ્યુઅરમાં છેલ્લુંઅથવા બિલ્ડીંગ સ્યુઅર અને હેડવાસની જાહેર સ્યુઅરના જોડાણના સ્થળ ખાતેનું મેન હોલ રહેશે.

(૨) ''માનક પધ્ધતિઓ'' એટલે ''ભારતીય માનક'' ના છેલ્લા પ્રકાશનમાં આ હેતુ માટે નક્કી કરાયા મુજબની તેમજ ''પ્રદુષણ નિયંત્રણ બોર્ડ'' ધ્વારા પણ મંજૂર કરવામાં આવ્યા મુજબની પૃથ્થકરણ કાર્યપધ્ધતિની કસોટી.

(૪) ''ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતની જાહેર અથવા ખાનગી મિલકતમાં, અસ્વચ્છ રીતે પશુ અથવા માનવમળ, કચરો અથવા અન્ય વાંધાજનક કચરો નાખવો, એકઠો કરવો અથવા એકઠો થવા દેવો તે કોઈપણ ઉદ્યોગ માટે ગેરકાનૂની બનશે.

(૫) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતની અંદર આવેલ કોઈપણ કુદરતી નિકાલ માર્ગમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અમલમા હોય તે વિનિયમો મુજબ યોગ્ય પ્રક્રિયાની જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાયની અન્ય રીતે કોઈપણ ગટરનું ગંદુ પાણી અથવા અન્ય પ્રદુષિત પાણી ઔદ્યોગિક દૂષક–પ્રવાહી છોડવા કોઈપણ ઉદ્યોગ માટે ગેરકાનૂની બનશે.

(૬) ઘરનો/ઔદ્યોગિક પ્રવાહી કચરો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સ્યુએજ વ્યવસ્થા છોડવાની પરવાનગી માટે ઔદ્યોગિક કચરો/ઘરનો કચરો ઉત્પન્ન કરતા ઉદ્યોગોએ/વ્યકિતએ, માલિક અથવા તેના અધિકૃત એજન્ટે વસાહતના નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીમાંથી મળતા જોડાણ ''ક'', મુજબ નિયમ ફોર્મમાં અરજી કરવાની રહેશે. પરવાનગી માટેની અરજી સાથે નકશા/વિગતવર્ણન, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું 'ના વાંધા' પ્રમાણપત્ર/પરવાનગી કચરાના નમુનાની કસોટીના અહેવાલો અથવા ડ્રેનેજ જોડાણ આપવા માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના મતે જરૂરી જણાતી માહિતી આપવાની રહેશે. ઔદ્યોગિક કચરા માટેના જોડાણ માટે નિરિક્ષણ અને ચકાસણી ફીના રૂા.૧૦૦/– અને ઘરના કચરાના જોડાણ માટે ફીના રૂા.૫૦/– અરજી વખતે ચુકવવાના રહેશે.

(૭) આ વિનિયમો ઘડાયા તે વખતે અસ્તિત્વમાં હોય અને ઔદ્યોગિક/ઘરનો કચરો ઉત્પન્ન કરતાં બધાંજ ઔદ્યોગિક / વ્યવસાયિક/ઘરઘથ્થુ સંસ્થાપનોએ પણ ગુજરાત ઔદ્યોગિક વિકાસની નિગમની સ્યુએજ વ્યવસ્થામાં કચરો છોડવા માટે આ વિનિયમો અમલમાં આવ્યાના ૩ માસની અંદર અને ભૂગર્ભ ડ્રેનેજ લાઈનો શરૂ થયાની

તારીખથી એક માસની અંદર પરવાનગી લઈ લેવાની રહેશે. તેમણે જોડાણ મેળવતાં પહેલાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ સાથે એક કરાર પણ કરવાનો રહેશે.

(૮) કોઈપણ વ્યકિત, વરસાદનું પાણી, સપાટી પરનું પાણી કે જમીન સપાટી નીચેનું પાણી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સેનિટરી સ્યુઅરમાં છોડી કે છોડાવડાવી શકશે નહીં. વરસાદનું તથા જમીનની સપાટી પરનું આવું બધું પાણી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અથવા તેની અધિકૃત વ્યકિતએ મંજૂર કર્યા મુજબ વરસાદના પાણીની ડ્રેન તરીકે ખાસ નિદિષ્ટ કરેલ ડ્રેન અથવા કુદરતી જળમાર્ગમાં છોડવાનું રહેશે.

(૯) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે વિધિસર માન્ય રાખેલા ગ્રીસ તેલ અને રેતી અવરોધકોની ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ તરફથી એવી સલાહ મળે તો જોગવાઈ કરવાની રહેશે. બધા અવરોધકો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ધ્વારા નિરીક્ષણ તરત અને સહેલાઈથી પહોંચી શકાય તેવી રીતે ગોઠવાવનાં રહેશે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની ગટર વ્યવસ્થામાં સાથે ડ્રેનેજ ગટર જોડાણ લેનાર સંબંધિત વ્યકિતગત ઉદ્યોગ અથવા વ્યકિતએ તે અવરોધકોનો નિભાવ કરવાનો રહેશે.

(૧૦) એસીડ, સાઈનાઈડ અથવા બીજા હાનિકારક પદાર્થો સંગ્રહવામાં આવ્યા હોય તેવા કોઈપણ સંગ્રહ ખંડનું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની ગટર–વ્યવસ્થા સાથે અથવા કોઈપણ કુદરતી નિકાલ માર્ગ સાથે સીધું જોડાણ કરી શકાશે નહિ. ડ્રેનેજ વ્યવસ્થામાં જોડાણ મેળવતા પહેલાં, ઉદ્યોગ અથવા વ્યકિતએ કર્બિંગ અથવા હોલ્ડિંગ પીટની અથવા અન્ય માન્ય વ્યવસ્થાની જોગવાઈ કરેલી હોવી જોઈએ.

(૧૧) કોઈપણ ઉદ્યોગ અથવા વ્યકિત, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની કોઈપણ સ્યુઅર અથવા કુદરતી નિકાલ માર્ગ અથવા જળાશયમાં, નિગમની વસાહતની અંદર અથવા વસાહતમાં પ્રવેશતી હોય એવા સ્થળે, નીચે જણાવ્યા મુજબના કચરાનો અથવા ઔદ્યોગિક કે ઘરના કચરાનો કે કારખાનાના કચરાનો નિકાલ કરી કે કરાવી શકાશે નહિ અને પ્રવાહી કચરો આઈએસએસ–૨૪૯૦ : ૧૯૮૧ હોવો જોઈશે. (માત્ર સંબંધિત ભાગ લાગુ પડશે.)

પ્રવાહી કચરામાં નીચેનાનો સમાવેશ થવો જોઈએ નહી.

(ક) પાણી સાથે મિશ્રણ કરેલો અથવા કર્યા વિનાનો, જેમાં ચરબી, મીણ, ગ્રીઝ, ટાર અથવા તેલો લિટર દીઠ ૨૦ મિ.ગ્રા. કરતાં વધુ પ્રમાણમાં હોય તેવો કચરો અથવા ૩૨$^{O}$ ફેરનહીટ અને ૧૫$^{O}$ ફેરનહીટ ઉષ્ણતામાન વચ્ચે ઘન અથવા ચીકણો થઈ જાય તેવા પદાર્થો વાળો કોઈપણ કચરો.

(ખ) કોઈપણ પેટ્રોલિયમ પેદાશો, બળતણ તેલ, કેલશિયમ, બેન્જીન, નેપ્થો સાફ કરનાર દ્રવ્યો અથવા અન્ય પ્રવાહી કે વાયુ–સ્વરૂપે જવલનશીલ અને અથવા વિસ્ફોટક પદાર્થો.

(ગ) સ્યુઅરના પ્રવાહમાં અવરોધ ઉભો કરી શકે અથવા સ્યુએજ કામોની યોગ્ય કામગીરીમાં અન્ય અડચણ કરી શકે એવા પ્રમાણમાં અથવા કદમાં અથવા વિશિષ્ટ

ઘનતામાં હોય તેવા રાખ, બળેલા કોલસા, રેતી, પથ્થર, ધૂળ કાદવ, તણખલાં, છોતરાં, ધાતુ, કાચ, રેસા, પીછાં, ટાર, પ્લાસ્ટિક, લાકડા, મુલતાની માટી, ચુનાની સ્લરી અને અવશિષ્ટ, માવા અને કાગળની મિલનો કચરો, જમીનની અંદરનો કચરો, કાગળની મિલનો કચરો, જમીનની અંદરનો કચરો, કાગળની ડિશો, કપ, ખાધ્ય પદાર્થોના ડબ્બા, માંસ, હાડકાં, પ્રાણીજ ઉત્પાદકો અવશિષ્ટો વગેરે જવા અથવા કાંતો આખા અથવા કચરો દળવાની ઘંટીથી દળેલા.

(૧૨) કોઈપણ વ્યકિત ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના અભિપ્રાય મુજબ જે દ્રવ્યો, પદાર્થો, પાણી કે કચરો સંતોષકારક પ્રક્રિયા કરી શકાય એવા ન હોય અથવા સ્યુઅર, સુએજ ટ્રીટમેન્ટ પ્રક્રિયા અથવા સાધનોને નુકશાન કરે એમ હોય અથવા ગ્રહણ કરતા વહેણને વિપરીત અસર કરે એવા અથવા અન્યથા જીવન અને જાહેર મિલકતને જોખમરૂપ કે ત્રાસ કરે તેવા હોય તેવા પદાર્થો સ્યુએજમાં છોડી કે છોડાવી શકશે નહી. આવા કચરાની સ્વીકારપાત્રતા અંગે અભિપ્રાય બાંધતી વખતે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, સ્યુઅરના પ્રવાહ અને વેગના સંબંધમાં કચરાના જથ્થા સ્યુઅરનાં બાંધકામોમાંવપરાયેલી સામગ્રી, સ્યુએજની ટ્રીટમેન્ટની પ્રક્રિયાના પ્રકાર આ કચરાની પ્રક્રિયાક્ષમતા અને અન્ય પ્રસ્તુત પરિબળો ધ્યાનમાં લેશે.

(૧૩) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સ્યુઅરમાં છોડવામાં આવેલું અથવા છોડવા વિચારાયેલું પાણી અથવા કચરો આ વિનિયમોમાં જણાવેલ પદાર્થો અથવા પ્રક્રિયા લક્ષણો ધરાવતો હોય અને તે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના નિર્ણય મુજબ, સ્યુએજનાં કામો અથવા પ્રક્રિયા જાહેર ત્રાસ કરતી સાધન સામગ્રીમાં અથવા પાણી એકઠું કરવા નુકશાનકારક અસરો અથવા અન્ય રીતે જીવન માટે જોખમ અથવા જાહેર ત્રાસ કરતી જણાય તો હવાલો સંભાળનાર ઈજનેર...

(ક) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સ્યુઅરમાં છોડતા પહેલા કચરાને સ્વીકારપાત્ર સ્થિતિમાં લાવવા પૂર્વ પ્રક્રિયા માટે સલાહ આપશે.

(ખ) વિગતવાર જણાવ્યા મુજબ સરચાર્જ ચુકવવા જણાવશે.

(ગ) કચરાનો અસ્વીકાર કરશે.

(ઘ) ડ્રેનેજનું જોડાણ કાપી નાખશે

(ચ) પાણી પુરવઠાનું જોડાણ કાપી નાંખશે.

(૧૪) ખાનગી કચરાની પ્રક્રિયા અને પ્રવાહ સમાનીકરણ વ્યવસ્થાને માલિકે પોતાના ખર્ચે સતત અને અસરકારક રીતે સ્વચ્છ અને સલામત રીતે ચલાવવાની અને તેની જાળવણી કરવાની રહેશે.

(૧૫) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને જરૂરી લાગે ત્યારે ઔદ્યોગિક કચરાના નિકાલ માટેની સ્યુઅરનો લાભ મેળવતી કોઈપણ મિલકતના માલિકે કચરાના નિરીક્ષણ નમૂના લેવા અને માપ લેવા માટેના જરૂરી સાધનો સહિત સ્યુઅરમાં યોગ્ય નિયંત્રણ મેન હોલ મુકાવવાનો રહેશે. માંગણી કરવામાં આવ્યેથી આવો મેન હોલ સુગમ સલામત રીતે, ગુજરાત ઔદ્યોગિવક વિકાસ નિગમે મંજૂર

કરેલા નકશા મુજબ બાંધવાનો રહેશે. આ મેન હોલ અને જરૂરી સાધનો, હંમેશા કાયમ સાલમત અને સુગમ રહે એ રીતે માલિકે આ પોતાના ખર્ચે બાંધવાના અને જાળવવાના રહેશે. ઉદ્યોગ નિયંત્રણ મેન હોલની જોગવાઈ ન કરે એવા કેસમાં ડ્રેનેજ જોડાણ આપવામાં આવશે નહી.

(૧૬) હવાલો ધરાવતા ઈજનેરના અભિપ્રાય પ્રમાણે પાણીના ઓછા વપરાશને કારણે અથવા રેકર્ડ પર રાખવા માટે કારણોની લેખિત નોંધ રાખવી જરૂરી હોયએવા અન્ય કોઈ કારણસર  નિયંત્રણ મેન હોલ જરૂરી નહિ હોવાનું જણાયએવા કેસમાં સૌથી નજીકના જાહેર સ્યુઅરમાંના હેઠવાસના પ્રવાહના મેન હોલને જયાં સ્યુઅરનુંજોડાણ મળતું હોય તે સ્થાને નિયંત્રણ મેન હોલ હોવાનું ગણવામાં આવશે.

(૧૭) કચરામાં રહેલા પદાર્થોની સ્યુએજ વર્કસ પર અસર જાણવા અને એ કારણે જાન–માલને ઉભા થતાં જોખમો નક્કી કરવા સારૂં પરીક્ષણ માટે નમુના લેવામાં આવશે. કોઈ અમુક પૃથ્થકરણ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સ્વવિવેકથી ચોવીસ કલાકના સંયોજીત (કમ્પોઝીટ) નમુનાના અથવા અચાનક લેવામાં આવેલા નમુનાના આધારે કરવામાં આવશે.

(૧૮) આ વિનિયમોમાં જણાવેલ પાણી અને કચરાની લાક્ષણિકતાઓ અંગેના તમામ કસોટીઓ અને પૃથ્થકરણો આઈએસએસની પ્રસ્તુત ધોરણસર પધ્ધતિઓ મુજબ નિયત કરવામાં આવશે અનેજોગવાઈ કરવમાં આવેલા નિયંત્રણ મેન હોલ ખાતે અથવા સંબંધિત બધા જ પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઉકત નિયંત્રણ મેન હોલમાંથી લીધેલા યોગ્ય નમુનાનું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે માન્ય રાખેલ પ્રયોગશાળામાં પરીક્ષણ કરીને નક્કી કરવામાં આવશે.

(૧૯) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, પરમિટ કાઢી આપતાં પહેલા અથવા પછી અથવા જોડાણ આપતાં પહેલાં અથવા પછી ગમે ત્યારે કોઈપણ વ્યવસાય અથવા ઉદ્યોગ ધ્વારા છોડવામાં આવતા સ્યુએજ કચરાની કસોટીઓ પોતાને જરૂર જણાય તે સમયાંતરે લઈ શકશે આ પ્રકારની કસોટીઓનું ખર્ચ, સંબંધિત વ્યવસાય અથવા ઉદ્યોગોએ ભોગવવાનું રહેશે.

(૨૦) કસોટી કરતાં પ્રદુષણનું પ્રમાણ વિનિયમ ૧૧ અન્વયે માન્ય રાખી શકાય એ કરતાં વધુ હોવાનું જણાય, તો ચુકવવાના થતાં સરચાર્જની છેલ્લામાં છેલ્લી આવેલ કસોટીઓના આવેલ પરિણામોના આધારે ગણત્રી કરવામાં આવશે અને તે કસોટીઓ હાથ ધરવામાં આવી હોય તે મુદતથી વસુલ લેવામાં આવશે. આવી કોઈ કસોટીમાં, કચરામાં પ્રદુષણમાં પ્રમાણ ઘટયું હોવાનું માલુમ પડે, તો નિગમે નક્કી કર્યા મુજબ સરચાર્જની ઘટાડેલી રકમની ચુકવણી કરવાની રહેશે.

(૨૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે કચરાના શુધ્ધિ કરણ માટે સ્થાપેલા સ્યુઅર અથવા જળમાર્ગો અથવા તે માટે ઉભી કરેલ સગવડમાં પહોંચતા ગંદા પાણી સાથે સીધો સંબંધ ધરાવતી કોઈપણ મીલકતમાં આ વિનિયમના તપાસ અને નીરીક્ષણના હેતુસર, હવાલો ધરાવતા ઈજનેરને અથવા હવાલો ધરાવનાર ઈજનેરે અધિકૃત કરેલી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની વ્યકિતને પ્રવેશની છૂટ રહેશે.

(૨૨) કોઈ વ્યકિત આ વિનીયમોની કોઈ જોગવાઈનો ભંગ કરતી માલુમ પડશે તો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સક્ષમ અધિકારી, અનેએ પ્રકારનો ભંગ થતો અટકાવવાની સાત દિવસની અંદર નોટીસ આપશે.

(૨૩) વિનિયમ–૨૨માં જોગવાઈ કરાયેલી સમય મર્યાદા પૂરી થયા પછી પણ કોઈ વ્યકિત આ વિનિયમોની જોગવાઈઓનો ભંગ કરવાનું ચાલુ રાખશે, તો સક્ષમ અધિકારી એની સામે કાનૂની કાર્યવાહી તથા રૂા. ૫૦૦/– સુધીનો દંડ કરી શકશે.

(૨૪) કોઈ વ્યકિત વિનિયમ–૨૨ અને ૨૩ નો ભંગ થતો હોય એવું કંઈ પણ કરશે, તો તે કારણે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને થતાં કંઈ પણ ખર્ચ, ખોટ અથવા નુકસાન માટેજવાબદાર ઠરશે તેમજ ડ્રેનેજ અને પાણી પુરવઠાના જોડાણો અંગે આ વિનિયમો હેઠળ આપવામાં આવેલી પરવાનગી મુલતવી રાખી કે રદ કરી શકશે.

(૨૫) સક્ષમ ક્ષેત્રાધિકારી ધરાવતી કોઈ કોર્ટ આ વિનિયમો પૈકીની કોઈ જોગવાઈને ગેરબંધારણીય જાહેર કરે, તો તે ચુકાદો સંબંધિત જોગવાઈને જ લાગુ પડશે અને આ વિનિયમોના અન્ય કોઈ ભાગને લાગુ પડશે નહિ.

(૨૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સક્ષમ અધિકારીએ નક્કી કરેલો અને બહાલ રાખેલો સંબંધિત વિસ્તાર વસાહતને લાગુ પાડતો ડ્રેનેજ ઉપકર, સ્યુઅરેજ વ્યવસ્થાનો લાભ લેનાર વ્યકિત/ઉદ્યોગે ભોગવવાનો રહેશે. કોઈ વ્યકિત/ઉદ્યોગ આ ડ્રેનેજ ઉપકરની ચૂકવણીમાંથી મુકિત માંગી શકશે નહિ. સંબંધિત વ્યકિત/ઉદ્યોગને ડ્રેનેજ ઉપકર બીલના નિયત પ્રોફોર્મામાં જણાવવામાં આવશે અને બીલ મળ્યાની તારીખથી ૧૫ દિવસમાં એ ચૂકવવામાં રહેશે અને એમાં ચૂક થતાં સક્ષમ અધિકારી નક્કી કરે તે દંડ ચૂકવવાનો રહેશે, ઔદ્યોગિક પ્રવાહી કચરાની ગુણવત્તા વાચક પરિમિતિના આંકના ભંગને કારણે લાગુ પડતા અન્ય દંડ કે સરચાર્જની ચુકવણીઓ વગેરે સાથે આ દંડને કશો સંબંધ રહેશે નહિ.

વળી સંબંધિત વ્યકિત અથવા ઉદ્યોગ કલેમ કરવામાં આવેલા બીલની લેણી નીકળતી રકમોની ચૂકવણી નહીં કરે, તો તેનું ડ્રેનેજ જોડાણ બીજા વધુમાં વધુ સાત દિવસની નોટીસથી કાપી નાખી શકાશે. આવું જોડાણ કાપી નાખ્યું હોય એવા પ્રસંગે અને ત્યારબાદ શિક્ષાત્મક ખર્ચ વગેરે, સહિત વણચૂકવાયેલા બીલોની વસુલાતની પૂરેપૂરી રકમ જમા કરાવ્યા પછી નિયત ફોર્મમાં વિનંતી કરવામાં આવ્યેથી તે વ્યકિત અથવા ઉદ્યોગને નવેસરથી ડ્રેનેજ જોડાણ આપવામાં આવશે. આ પુનઃજોડાણનું ખર્ચ પુનઃજોડાણ વખતે નિયત કરેલા દર મુજબ વસુલ લેવામાં આવશે.

(૨૭) વ્યકિત અથવા ઉદ્યોગે નિયંત્રણ મેન હોલની જોગવાઈ સહિત અથવા આવીજોગવાઈ વિના વહેણ માપવાના સાધનો સહિત ડ્રેનેજ જોડાણનું સંપૂર્ણ કામ કરાવી લેવાનું રહેશે. આ કામ તેને સક્ષમ અધિકાર તરફથી ડ્રેન ડ્રેનેજ જોડાણની પરાવનગી મળ્યા પછી લાઈસન્સ ધારાવનાર કોઈ અધિકૃત પ્લમ્બર અથવા કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન કે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે માન્ય કરેલ પ્લમ્બર મારફત અથવા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના અધિકૃત કર્મચારીઓની

હાજરીમાં કરાવવાનું રહેશે. ડ્રેનેજ જોડાણના ખર્ચમાં જરૂરી માલ સમામાન ખરીદવાનું અથવા તેને ગોઠવવાનું, જોડવાનું તથા બાંધકામનું મજુરી ખર્ચ, કપચી પાથરેલા અથવા આલ્ફાટવાળા માર્ગની સપાટીઓ તોડવા તથા નવેસરથી કરાવવાનું ખર્ચ, વગેરે તમામ ખર્ચનો સમાવેશ થાય છે.

(૨૮) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સક્ષમ અધિકારી દ્વારા ગણી કાઢવામાં આવેલા અને આખરી સ્વરૂપ અપાયેલા ડ્રેનેજ ઉપકર સામે વ્યકિતગત ઉદ્યોગ અથવા ઉદ્યોગોના એસોસિએશન અથવા ઉદ્યોગોના એસોસિએશનોના ફેડરેશન ધ્વારા રજુઆત રૂપે કે કોર્ટમાં પણ પડકારી શકાશે નહીં.

(૨૯) જે ઉદ્યોગ પાણી પુરવઠાનું ગેરકાયદે સાધન ધરાવતો ન હોય અથવા ઉપયોગ કરતો ન હોય, તેને જ ડ્રેનેજ જોડાણ અપાશે. આમ છતાં જે ઉદ્યોગોને પોતાના ખાનગી બોર કરવાની પરવાનગી આપવામા્ આવી હોય એમણે પણ એવી ખાત્રી આપવાની રહેશે કે પોતાને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે કરેલી પાણી પુરવઠા વ્યવસ્થા મારફતે પાણીનો પૂરતો જથ્થો મળી રહેતો હોય તો ડ્રેનેજ જોડાણ મળતાં પહેલાં આવા પરવાનગી ધરાવતા બોર પણ સીલ કરવાના રહેશે. કોઈ સંજોગોમાં ગુજરાત ઐાદ્યોગિક વિકાસ નિગમે કોઈ ઉદ્યોગની પાણીની જરૂયાત પહોંચી વળી શકે. તેમ ન હોય અને ઉદ્યોગના પ્લોટ વિસ્તારમાં ખાનગી બોર કરવાની પરવાનગી આપવામાં આવીહોય તો તે બાબત સંબંધિત સત્તાવાળાઓના ધ્યાન પર સ્પષ્ટપણે લાવવાની રહેશે અને ડ્રેનેજ જોડાણ માટેની અરજીમાં આ સાધનમાંથી વાપરવામાં આવતુ અથવા વાપરવામાં આવનાર પાણીનો ચોક્કસ જથ્થો જણાવવાનો રહેશે. ખાનગી બોરનું પાણી વાપરવામાં માટે લેખિત પરવાનગી અપાઈ હોય તો પણ ઉદ્યોગ સાહસિકે એની પોતાની પુરવઠા લાઈનમાં યોગ્ય રીતે સીલ કરેલું પાણી માપવાનું મીટર મુકવાનું રહેશે. જેથી વપરાયેલ પાણીનો જથ્થો અને નિકાલ કરવાનો સંભવિત ગંદા પ્રવાહી કચરાની ગુણવત્તાનું પ્રમાણ જાણી શકાય.

(૩૦) ઉપર્યુકત વિનિયમ પૈકીના કોઈપણ વિનિયમના ભંગ બદલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ પાણી પુરવઠાનું અને ડ્રેનેજનું જોડાણ કાપી નાંખવાનો અધિકાર અથવા સત્તા ધરાવે છે. આ માટે સંબંધિત સત્તાધિકારીએ પાણી પુરવઠા કે ડ્રેનેજનું જોડાણ કાપી નાંખવાના ચોખ્ખા ૩૦ દિવસ પહેલાં નોટિસ આપવાની રહેશે.

(૩૧) આ વિનિયમોના અર્થઘટનને લગતા તમામ વિવાદો અંગેના નિર્ણય નિગમના મેનેજીંગ ડિરેકટર કરશે. આ વિનિયમોના અર્થઘટન અંગે ઉપસ્થિત થતાં કોઈપણ વિવાદ મેનેજીંગ ડિરેકટર સમક્ષ રજુ કરવાના રહેશે. અને એમના નિર્ણય આખરી ગણાશે.

# જોડાણ–ક
# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
# ડ્રેનેજ જોડાણ માટેની અરજી

પ્રતિ,
નાયબ કાર્યપાલક ઈજનેર
જીઆઈડીસી, ..........................
...................ઔદ્યોગિક વસાહત
મે સાહેબ,

હું/અમે .............................. ઔદ્યોગિક વિસ્તારમાં................... પ્લોટ/શેડ/ નિવાસ નંબર/ ખાતે જગ્યા ધરાવું છું/ધરાવીએ છીએ અને એના માટે ડ્રેનેજ જોડાણ આપવા અરજી કરું છું. / કરીએ છીએ.
આ માટે જરૂરી વિગતો નીચે આપી છે :

(૧)અરજદારનુંપુરૂનામ અને સરનામુ.... ...................................
(૨)ડ્રેનેજ જોડાણ મેળવવાનું હોય તે મકાન/વિસ્તારનું/સ્થળનું વર્ણન.... ....
(૩)(ક)પાણીના જોડાણનું કદ (મિલીમિટરમાં)............................

(ખ) પાણીના દૈનિક વપરાશ (લીટરમાં).............................

(૪)નિકાલ કરવામાં આવનાર ગંદા પ્રવાહી કચરાનો દૈનિક જથ્થો (લીટરમાં).....

(૫) જરૂરી ડ્રેનેજ જોડાણનું કદ (મીલીમીટરમાં)..............................

(૬)(ક) પ્રવાહી કચરાનો પ્રકાર (ઔદ્યોગિક/ઘર વપરાશનું કે અન્ય કોઈ ઉપયોગ ધ્વારા).... ...............

(ખ) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની પરવાનગી/બોર્ડના વાંધા પ્રમાણપત્ર (નકલ જોડવી).................................

(ગ) પ્રવાહી કચરાના પૃથ્થકરણનો માન્ય પ્રયોગશાળાનો અહેવાલ.

(૭)અરજદાર ઉકત મકાન–વિસ્તાર કઈ હેસીયતથી ધરાવે છે? (દા.ત. માલિક /લાઈસન્સ/ધરાવનાર/ભાડા પેટે રાખનાર છે કે કેમ વગેરે).............

(૮) ઉદ્યોગ હોય તે ઉત્પાદનનું નામ અને પ્રક્રિયા...................................

(૯)વાપરવામાં આવતો કાચો માલ....................................................

(૧૦) કામ પર રાખવામાં આવેલ વ્યકિતઓની સંખ્યા..............................
(૧૧) નિયંત્રણ મેન હોલનું ચણતર કરેલું છે કે કેમ ?................................

એકરાર

હું/અમે જાહેર કરું છું / કરીએ છીએ કે અમલમાં હોય તે તેમજ નિગમ ધ્વારા વખતો વખત સુધારવામાં આવતી હાલમાં ડ્રેનેજ વિનિયમો સહિતની શરતો મને/અમને બંધનકર્તા રહેશે, અને પ્રવાહી નિકાલ માટે નિગમે નાંખેલા ચાર્જ તથા ખર્ચ નિગમે નિયત કરેલા દર મુજબ ચુકવીશ/ચુકવીશું.

હું/અમે અહીં બાંયધરી આપું છું / આપીએ છીએ કે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ નિયત કરેલા અને/ અથવા ભારતીય માનક ધોરણો મુજબ, નિગમની પાણી નિકાલ વ્યવસ્થામાં પ્રવાહી કચરો છોડતા પહેલાં, પ્રવાહી કચરા પર શુધ્ધિકરણની જરૂરી પ્રક્રીયા કરીશું, અને હું /અમે એ પણ સમજું છું/સમજીએ છીએ કે હું/અમે પ્રવાહી કચરાના શુધ્ધિકરણની નિયત ધોરણ મુજબની પ્રક્રિયા કરૂં નહિ/કરીએ નહિ તો મારૂં/અમારૂં ડ્રેનેજ જોડાણ નિગમના પાણી નિકાલ વ્યવસ્થા (સ્યુઅર) માંથી કાપી નાંખવાપાત્ર ઠરશે તેમજ તે મારા /અમારા જોખમે અને ખર્ચે જ ફરીથી જોડી શકાશે.

હું / અમે આ સાથે રૂા.(અંકે રૂપિયા ) ચકાસણી ખર્ચ માટે રોકડેથી ચુકવું છું/ચુકવીએ છીએ.

વ્યકિત અથવા ઉદ્યોગની
સિકકા સાથે સહી

બિડાણ :–

(૧) જોડાણની વિગતો દર્શાવતો નકશો.
(૨) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની પરવાનગી / ના વાંધા પ્રમાણપત્ર
(૩)સરકારી પ્રયોગશાળા અથવા સરકાર માન્ય અન્ય પ્રયોગશાળાનો પ્રવાહી કચરાના પૃથ્થકરણોનો અહેવાલ / તા.ક. ઉદ્યોગ દીઠ ફકત એક જ ડ્રેનેજ જોડાણ આપવામાં આવે છે.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના હુકમથી
''મેનેજિંગ ડીરેકટર વતી''